# સાઉથ રિપબ્લીક

તંત્રી : રોહિત અશોક શેઠિયા

દૈનિક

Volume : 01 · Issue : 6 · Page - 4 · Price : Rs.1/- · Annual Subscription : Rs.300/- · Date : 27 AUGUST 2026, THURSDAY , · Periodicity : DAILY Publication city : NAVSARI

Language : GUJARATI, Publication Place : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT-396445. Email:sethiarohit48@gmail.com

OFFICE : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT- 396445, Mo. +91-7600000600, PRGI No. GJGUJ/26/A7115


### નવસારી શહેરને ખોળ અને વિજલપોરને કોણીએ ગોળ

# નવસારી મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓના વહીવટીથી વિજલપોરની પ્રજા દુ:ખી

## નવસારી શહેરના રસ્તાઓ ચમકતી સુવિધાવાળા અને વિજલપોરના રસ્તાઓ ખખડધજ

**સાઉથ રિપબ્લીક**



નવસારીના સુંદર રસ્તા



વરસાદી ડ્રેનેજ લાઈન



આ શુશ્રુષા હોસ્પિટલથી આશાપુરી મંદિર સુધીનો રસ્તો

નવસારી : નવસારી મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓના વહીવટીથી વિજલપોરની પ્રજા દુ:ખી થઈ રહી છે. નવસારી શહેરના રસ્તાઓ ચમકતી સુવિધાવાળા અને વિજલપોરના રસ્તાઓ ખખડધજ છે. જે ખખડધજ રસ્તાઓ નવા બનાવવાનું તો દુર સુધારવાની કામગીરી પણ પાલિકા કરી રહી નથી. ત્યારે મનપાના ઉચ્ચ અધિકારીઓ વિજલપોરની સુખ-સુવિધાને બાજુએ મૂકી માત્ર નવસારી શહેરને જ વિકસાવી રહી હોય તેમ લાગી રહ્યું છે.

નવસારી મહાનગરપાલિકાના અધિકારીઓના વહીવટથી નવસારીના શહેરીજનો વાકેફ જ હતા. હવે તો વિજલપોર વિસ્તારના રહીશો પણ વાકેફ થઈ ગયા છે. વિજલપોર નગરપાલિકા અસ્તિત્વમાં હતી તે સમયે વિજલપોર શહેરનો વિકાસ ધીમે-ધીમે ખરો પણ ચાલી રહ્યો હતો. પરંતુ સરકારે વિજલપોર નગરપાલિકાને નવસારીમાં ભેળવી નવસારી-વિજલપોર નગરપાલિકા બનાવી. અને હવે તો નવસારી મહાનગરપાલિકા બની ચુકી છે. જોકે વિજલપોર વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ સારી મળી રહે તે માટે શહેરના રહીશો પણ નવસારી મહાનગરપાલિકા બને તેની રાહ જોઈ રહ્યા છે. પરંતુ તેમની આશા ઉપર પાણી ફરી વળ્યું હોય તેમ લાગી રહ્યું છે. નવસારી મનપાના ઉચ્ચ અધિકારીઓ વિજલપોરમાં ધ્યાન ન આપી રહીશો સાથે અન્યાય કરી રહ્યા હોવાની ચર્ચા શહેરમાં ઘણી ચાલે છે.

નવસારી શહેરમાં જોઈએ તો ઘણા વિસ્તારોમાં ચોખ્ખા-સારા રસ્તા, સ્ટ્રીટ લાઈટો, ડ્રેનેજની સુવિધા ઘણી સારી દેખાઈ રહી છે. પરંતુ વિજલપોર વિસ્તારમાં કમરનો દુખાવો વધી જાય તેવા રસ્તાઓ છે. ડ્રેનેજોના ઢાંકણા સીધા નથી. કેટલીક જગ્યાએ સ્ટ્રીટ લાઈટના પણ ઠેકાણા નથી. આ સમસ્યાઓ સામે વિજલપોરના હજારો ઘરોમાં રહેતા રહીશો હાલ પણ ઝઝૂમી રહ્યા છે. નવસારી અને વિજલપોર શહેરની સુખ-સુવિધા અને વ્યવસ્થા માટે એક જ કચેરી કામ કરી છે તે નવસારી મહાનગરપાલિકા છે. તે છતાં પણ વિજલપોરના ઘણા વિસ્તારોમાં સુવિધાનો અભાવ જોવા મળે તે નવાઈની વાત છે. નવસારીમાં કોઈ કાર્યક્રમ હોય કે કોઈ પ્રસંગ હોય ત્યારે કેન્દ્રીય મંત્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીઓ તેમજ રાજ્ય કક્ષાના અધિકારીઓ નવસારીમાંથી પસાર થતા હોય છે. ત્યારે તંત્ર નવસારીના સારા રસ્તાને વધુ સારા અને ચોખ્ખા કરે છે. જે કામ પાછળ પ્રજાના લાખ્ખો રૂપિયા ખર્ચાય છે. પરંતુ પાલિકાને વેરો ભરતી વિજલપોરના રહીશોને સુવિધા આપવામાં શા માટે પાલિકા વિલંબ કરે છે તે સવાલ ઉભો થાય છે. જો કદાચ મોટા-મોટા મંત્રીઓ અને અધિકારીને વિજલપોર વિસ્તારમાંથી પસાર થતા હોત તો તંત્ર રાતોરાત રસ્તાઓ, ડીવાઈડર, સ્ટ્રીટ લાઈટની સુવિધા કરી દે એ તો પાક્કું જ છે.

વિજલપોરમાં રામનગરથી વિઠ્ઠલ મંદિર સુધીનો રસ્તો, શિવાજી ચોકથી શુશ્રુષા હોસ્પિટલ સુધીનો રસ્તો તેમજ શુશ્રુષા હોસ્પિટલથી આશાપુરી મંદિર તરફ જતો આર.સી.સી. રસ્તો બદથી બદતર હાલતમાં હોવાથી વિજલપોરના રહીશો દુ:ખી થઈ રહ્યા છે. આ સિવાય શુશ્રુષા હોસ્પિટલથી આશાપુરી મંદિર તરફ જતા આર.સી.સી. રસ્તોની વચ્ચે મનપા તંત્ર દ્વારા જે તે સમયે વરસાદી ગટર બનાવવામાં આવી હતી. હાલ તે વરસાદી ગટરની હાલત પણ દયનીય બની છે. બીજી તરફ નવસારીમાં ચોખ્ખા રસ્તાઓ તો છે જ. રસ્તાની વચ્ચે બનાવવામાં આવેલા ડીવાઈડરમાં પણ છોડવાઓ રોપવામાં આવ્યા છે. જેથી નવસારીના રસ્તાઓ સુંદર દેખાય છે. નવસારી મનપાના આ ભેદભાવને કરને વિજલપોરની પ્રજા હેરાન થઈ રહી છે.

### વિજલપોરની પ્રજા અવાજ ઉઠાવે તે જરૂરી

નવસારી શહેરમાં જે વિસ્તારોમાં રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ અને પીવાના પાણીની સમસ્યા સહિતની સમસ્યાઓ હોય તો તે વિસ્તારના લોકો મોરચો માંડી પાલિકા કચેરીએ પહોચી ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરે છે. પણ વિજલપોર વિસ્તારના રહીશો ભેગા થઈ પાલિકામાં ફરિયાદ કરવા જતા નથી. જેના કારણે પણ કદાચ પાલિકા વિજલપોરમાં ઘણા સમય સુધી કામ કરતી નથી. ત્યારે વિજલપોરની પ્રજા પણ તેમને પડતી મુશ્કેલી માટે અવાજ ઉઠાવે અને પાલિકામાં જઈ અધિકારીઓને ઉગ્ર રજૂઆત કરે તે જરૂરી છે.

### વિજલપોર રેલ્વે ઓવરબ્રિજનું કામ હજી પણ અધૂરું !

તત્કાલીન નવસારી-વિજલપોર નગરપાલિકા દ્વારા શહેરમાં બે ઓવરબ્રિજ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. એક ઓવરબ્રિજ નવસારી રેલ્વે સ્ટેશનના પૂર્વ-પશ્ચિમ ભાગને જોડતો અને બીજો ઓવરબ્રિજ વિજલપોર રેલ્વે ફાટક ઉપરથી પૂર્વ-પ?િમ ભાગને જોડવા માટે બનાવવાનું કામ શરુ કરાયું હતું. જોકે નવસારી ઓવરબ્રિજ બનીને તે શરુ થઈને પણ અંદાજે ૨ વર્ષ જેટલો સમય થઈ ગયો છે. પરંતુ હજી પણ વિજલપોર ઓવરબ્રિજનું કામ અધુરી પરિસ્થિતિમાં જ છે. ત્યારે વિજલપોર રેલ્વે ઓવરબ્રિજનું કામ પણ વહેલી તકે પૂર્ણ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

---

### વિજલપોર ગણેશ સંગઠનના નવા હોદ્દેદારોની વરણી કરાઈ

## પ્રમુખ પદે નરેશ પુરોહિત તેમજ મહામંત્રી પદે ભાવેશ પાટીલ અને લહુભાઈ કદમની વરણી કરાઈ





નવસારી : જલાલપોરના ધારાસભ્ય આર.સી. પટેલના માર્ગદર્શન હેઠળ વિજલપોર સમસ્ત ગણેશ ઉત્સવ સંગઠનના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આગામી ગણેશોત્સવ આયોજનબદ્ધ, શિસ્તબદ્ધ અને ભવ્ય રીતે ઉજવવા માટે સંગઠન દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જલાલપોર ધારાસભ્ય આર.સી. પટેલ દ્વારા વિજલપોરના સમસ્ત ગણેશ ઉત્સવ સંગઠનના પ્રમુખ પદે નવસારી મનપાના શાસક પક્ષના નેતા નરેશભાઈ પુરોહિતની વરણી કરવામાં આવી હતી. જ્યારે ભાવેશ ઉત્તમભાઈ પાટીલ અને લહુભાઈ કદમની મહામંત્રી પદે વરણી કરવામાં આવી છે. વિજલપોર નગરપાલિકા અસ્તિત્વમાં આવી ત્યારથી વિજલપોર વિસ્તારમાં ગણેશ ઉત્સવ સાથે સંકળાયેલી વિવિધ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ માટે ગણેશ સંગઠન કાર્યરત રહ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ગણેશ મંડળો દ્વારા ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ તમામ મંડળો વચ્ચે સંકલન જળવાઈ રહે તેમજ ઉત્સવ દરમિયાન આયોજન અને વ્યવસ્થા વધુ સારી રીતે થઈ શકે તે માટે સંગઠનની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે.

નવા હોદ્દેદારોની વરણી બાદ ગણેશ મંડળો, આગેવાનો અને કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં ગણેશોત્સવને લઈને વિવિધ મંડળો સાથે બેઠકો યોજી આયોજન કરવામાં આવશે. ગણેશજીની સ્થાપના, ધાર્મિક કાર્યક્રમો, શોભાયાત્રા સહિતની વિવિધ પ્રવૃત્તિઓ દરમિયાન જરૂરી વ્યવસ્થા અને સંકલન અંગે પણ ચર્ચા કરવામાં આવશે. સાથે જ નવા વરાયેલા પ્રમુખ અને મહામંત્રીઓની નિમણૂક બદલ વિજલપોરના અગ્રણીઓ, ગણેશ મંડળોના પ્રતિનિધિઓ, કાર્યકરો તથા ગણેશ ભક્તો દ્વારા શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સંગઠનના નવા હોદ્દેદારો આગામી ગણેશોત્સવમાં તમામ મંડળોને સાથે રાખી ઉત્સવને ભવ્ય અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરાવવાની દિશામાં કામગીરી કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

---

## નવસારી મહાનગરપાલિકા આઉટસોર્સ કર્મચારીઓની રજૂઆત બાદ એજન્સીઓ દ્વારા બાકી પગાર ચૂકવાયા

નવસારી : નવસારી મહાનગરપાલિકાના આઉટસોર્સ કર્મચારીઓએ પગાર ન મળ્યો હોવાની રાવ મનપાના મેયરને કરી હતી. જેથી મેયરે એજન્સીઓને સૂચના આપતા જ તમામ આઉટસોર્સ કર્મચારીઓને બાકી રહેલો પગાર ચુકવવામાં આવતા આઉટસોર્સ કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

નવસારી મહાનગરપાલિકાના માઈનોર ડ્રેનેજ, વોટર વર્ક્સ, ગાર્ડન, દબાણ હટાવ અને પીઆરઓ બ્રાંચમાં આઉટસોર્સિંગ એજન્સીઓ મારફતે ફરજ બજાવતા શ્રમિકો અને કર્મચારીઓ દ્વારા તેમના બાકી પગાર અંગે મહાનગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાજીયા સમક્ષ રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી. કર્મચારીઓએ શ્રાવણ માસ અને રક્ષાબંધન જેવા તહેવારોના સમયમાં પગાર સમયસર ન મળવાને કારણે પડતી આર્થિક મુશ્કેલીઓ અંગે મેયરને માહિતગાર કર્યા હતા.

કર્મચારીઓની આ રજૂઆત મળતા જ મેયર દ્વારા તાત્કાલિક ધોરણે સંબંધિત વિભાગોના ડેપ્યુટી કમિશનર અને અન્ય અધિકારીઓને આ બાબતે તપાસ કરવા સૂચના આપવામાં આવી હતી. સાથે જ કારોબારી સમિતિના ચેરમેન મુકેશભાઈની ઉપસ્થિતિમાં આ સમગ્ર મામલાની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. આ વહીવટી તપાસ દરમિયાન ધ્યાનમાં આવ્યું હતું કે, કેટલીક આઉટર્સોસિંગ એજન્સીઓ દ્વારા સમયસર બિલ રજૂ કરવામાં આવ્યા ન હોવાથી પગાર ચૂકવવામાં વિલંબ થયો હતો.

જોકે તપાસના તારણો બાદ મેયરે સંબંધિત આઉટર્સોસિંગ એજન્સીઓને કડક સૂચના આપી હતી કે એજન્સીઓએ સમયસર બિલ મૂકવા જોઈએ અને વહીવટી પ્રક્રિયામાં વિલંબ કર્યા વિના શ્રમિકોને નિયત સમયમાં પગાર ચૂકવવાની પોતાની જવાબદારી નિભાવવી જોઈએ. સાથે જ શ્રમિકોનો જે પણ બાકી પગાર છે, તે તાત્કાલિક અસરથી આગામી બે દિવસમાં ચૂકવી દેવામાં આવે તેવો એજન્સીઓને આદેશ આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, ભવિષ્યમાં શ્રમિકોને આવી કોઈ હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે મેયર દ્વારા એક કાયમી વ્યવસ્થા ઊભી કરવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. જે અંતર્ગત, કોર્પોરેશન કે એજન્સી મારફતે કામ કરતા તમામ કર્મચારીઓ અને શ્રમિકોને દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં ફરજિયાતપણે નિયમિત પગાર મળી જાય તે સુનિશ્ચિત કરવા કારોબારી ચેરમેનોને અમલવારી કરાવવા માટે ખાસ જણાવવામાં આવ્યું છે.

મેયર સમક્ષ થયેલી રજૂઆત, ત્યારબાદ કરવામાં આવેલી તપાસ અને એજન્સીઓને આપવામાં આવેલી સ્પષ્ટ સૂચનાઓને પગલે આજે સંબંધિત એજન્સીઓ દ્વારા તમામ આઉટસોર્સ કર્મચારીઓના બાકી રહેલા પગાર ચૂકવી દેવામાં આવ્યા છે. તહેવારોના સમયમાં વહીવટી તંત્રની આ સક્રિય અને હકારાત્મક કાર્યવાહીથી શ્રમિકોને સમયસર પોતાનો પગાર મળી જતાં તેઓને મોટી રાહત મળી છે.

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# સાપુતારામાં વિકેન્ડની ભારે ભીડથી ટ્રાફિક વણસ્યો, પોલીસ હરકતમાં



સાપુતારાઃ ગુજરાતના એકમાત્ર અને પ્રખ્યાત ગિરિમથક સાપુતારામાં શનિ-રવિની રજાઓ દરમિયાન પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. વરસાદી માહોલ અને રજાઓનો લાભ લેવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ સાપુતારા પહોંચતાં શહેરમાં વાહનોની સંખ્યા અચાનક વધી ગઈ હતી. જેના કારણે વિવિધ માર્ગો પર ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. અનેક સ્થળોએ વાહનોની લાંબી કતારો લાગી જતાં પ્રવાસીઓ તેમજ સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સાપુતારાના સ્વાગત સર્કલથી લઈને બોટિંગ તરફ જતા માર્ગ, ટેબલ પોઈન્ટ રોડ, આનંદો સર્કલથી નાગેશ્વર તરફ જતો માર્ગ તેમજ સ્વાગત સર્કલથી પેટ્રોલ પંપ તરફ જતા માર્ગ પર સૌથી વધુ ટ્રાફિક જોવા મળ્યો હતો. ખાસ કરીને બોટિંગ અને ટેબલ પોઈન્ટ જેવા લોકપ્રિય પ્રવાસન સ્થળો તરફ જતા માર્ગો પર વાહનોની સંખ્યા વધતા વાહનવ્યવહાર ધીમો પડી ગયો હતો. પાર્કિંગની પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે રસ્તાની બંને બાજુ વાહનો ઊભા રહેતા ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની હતી.

વિકેન્ડ દરમિયાન સર્જાયેલી ટ્રાફિકની સ્થિતિને ધ્યાનમાં લઈને સાપુતારા પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. સાપુતારા પોલીસ સ્ટેશનના ઙઈ જે.કે. બારીયા સહિત પોલીસની ટીમે જાતે જ રસ્તા પર ઉતરી ટ્રાફિક વ્યવસ્થાની જવાબદારી સંભાળી હતી. પોલીસ કર્મચારીઓએ વિવિધ પોઈન્ટ પર ઉભા રહીને વાહનોને યોગ્ય દિશામાં વાળ્યા હતા તેમજ જ્યાં ટ્રાફિક વધુ હતો ત્યાં સતત દેખરેખ રાખી હતી.

પોલીસની સમયસરની કામગીરીને કારણે ધીમે ધીમે ટ્રાફિકની સ્થિતિમાં સુધારો થયો હતો. જોવાલાયક સ્થળો તરફ જતા મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર ફરીથી પૂર્વવત બનતા પ્રવાસીઓ અને સ્થાનિકોએ રાહત અનુભવી હતી. પોલીસ ટીમ દ્વારા ખડેપગે રહી કરવામાં આવેલી કામગીરીની પ્રવાસીઓ અને સ્થાનિકો દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

સાપુતારામાં દર વિકેન્ડ દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટતા હોવાથી આગામી દિવસોમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા ન સર્જાય તે માટે તંત્ર દ્વારા અગાઉથી આયોજન કરવું જરૂરી બન્યું છે. મુખ્ય પ્રવાસન સ્થળો પાસે વધારાના પાર્કિંગની વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ માટે વધારાના પોલીસ જવાનોની નિમણૂક અને વાહનોના વ્યવસ્થિત સંચાલન માટે યોગ્ય રૂટ પ્લાન કરવામાં આવે તો પ્રવાસીઓની અવરજવર વધુ સરળ બની શકે છે. હાલ પોલીસની સક્રિય કામગીરીથી પરિસ્થિતિ કાબૂમાં આવી હતી અને પ્રવાસીઓને મોટી રાહત મળી હતી.

# ડાંગ VHPની બેઠકમાં સંગઠન મજબૂત કરવા ચર્ચા, નવા હોદ્દેદારોની વરણી



સાપુતારાઃ ગુજરાત પ્રાંતની સૂચના અનુસાર વિશ્વ હિન્દુ પરિષદ (VHP), ડાંગ જિલ્લા દ્વારા શબરી ભવન ખાતે વિસ્તૃત બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા, કાર્યકર્તાઓ વચ્ચે સંકલન વધારવા તેમજ આગામી કાર્યક્રમોના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં દક્ષિણ ગુજરાતના વાલી અજયજી મિશ્રા, વિભાગ સહમંત્રી રવિભાઈ સૂર્યવંશી, ડાંગ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ ગાંગુડે અને જિલ્લા મંત્રી બ્રિજેશભાઈ ઠાકર સહિત જિલ્લા તથા પ્રખંડ સમિતિના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ દરમિયાન VHP દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. સંગઠનની પ્રવૃત્તિઓને પ્રખંડ અને ખંડ સ્તર સુધી વધુ અસરકારક રીતે પહોંચાડવા તેમજ સમાજલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લા કાર્યકારિણીના વિસ્તૃતીકરણ અંતર્ગત હરિમોહન પવાર અને ગુલાબભાઈ ચૌધરીની જિલ્લા સહમંત્રી, મિતેશભાઈ ચૌર્યાની કોષાધ્યક્ષ અને રતનભાઈ ચૌધરીની જિલ્લા સત્સંગ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. નવી જવાબદારી મેળવનાર હોદ્દેદારોને ઉપસ્થિત કાર્યકર્તાઓએ શુભેચ્છા પાઠવી હતી. અંતે સંગઠનને એકતાપૂર્વક વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ગેસ કનેક્શનના અભાવે રૂ.૭૫ લાખનું પશુ સ્મશાનગૃહ એક વર્ષથી બંધ



વલસાડઃ વલસાડ નગરપાલિકા દ્વારા રૂ. ૭૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલું પશુ શ્મશાનગૃહ છેલ્લા એક વર્ષથી ગેસ કનેક્શનના અભાવે બંધ હાલતમાં છે. ઔરંગા નદી કિનારે પાર્ટી સાંદપોર પંચાયત વિસ્તારમાં જઝઙ પાછળ બનાવવામાં આવેલ આ એનિમલ ક્રેમેટોરિયમનો હેતુ મધ્યમ અને મોટા કદના મૃત પશુઓની યોગ્ય અંતિમવિધિ કરવાનો છે.

નગરપાલિકાના ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલાના જણાવ્યા મુજબ, ક્રેમેટોરિયમ ગેસ આધારિત હોવાથી ગેસ કનેક્શન માટે અગાઉથી અરજી કરવામાં આવી હતી. જોકે, સ્થળ શહેરથી દૂર હોવાથી ત્યાં મુખ્ય ગેસ લાઈન ઉપલબ્ધ ન હતી. પરિણામે ક્રેમેટોરિયમ સુધી સ્પેશિયલ ગેસ લાઈન નાખવાની કામગીરી કરવી પડી હતી.

સ્પેશિયલ લાઈન માટે વિવિધ NOC મેળવવાની પ્રક્રિયામાં વિલંબ થતાં ક્રેમેટોરિયમ શરૂ થઈ શક્યું ન હતું. હાલમાં માત્ર અંતિમ ગેસ કનેક્શનની કામગીરી બાકી હોવાનું અને આગામી ૧૦થી ૧૫ દિવસમાં કામ પૂર્ણ કરીને સ્મશાનગૃહ કાર્યરત કરવાની નગરપાલિકાએ ખાતરી આપી છે.

દરમિયાન, એક વર્ષથી બંધ રહેવાને કારણે સ્મશાનગૃહના પતરાના શેડ અને ચિમનીના ભાગે આંશિક નુકસાન થયું છે. તેનું સમારકામ પણ ગેસ કનેક્શનની કામગીરી સાથે કરવામાં આવશે.

રૂ. ૭૫ લાખના ખર્ચે તૈયાર થયેલી સુવિધા એક વર્ષથી ઉપયોગમાં ન આવી શકતા નગરપાલિકાના આયોજન અને કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે.

# વાંસદા સરકારી બી.એડ. કોલેજમાં વીર નર્મદ જયંતિની ઉજવણી



વાંસદાઃ વાંસદાની સરકારી બી.એડ. કોલેજ ખાતે તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ વીર નર્મદ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ આચાર્ય ડૉ. દિલીપ એમ. ગામીતના નેતૃત્વમાં કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય, પ્રાર્થના અને રજય જય ગરવી ગુજરાત ના ગાનથી કરવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા તરીકે સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, વાંસદાના ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ભાણિયાભાઈ ડી. ગામીતે નર્મદનું જીવન અને કવન વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ ડૉ. મેરામણ એ. વૈરૂએ રગુજરાતી ભાષાનો ઉદ્ભવ અને વિકાસ વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી.

બી.એડ. સેમેસ્ટર-૧ના તાલીમાર્થીઓએ ગુજરાતી ભાષા અને વીર નર્મદ આધારિત સ્લોગન તથા નિબંધ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના ગ્રંથપાલ ડૉ. જિતેન્દ્રભાઈ અગ્રવાલ દ્વારા પુસ્તક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પટેલ અન્વીબેને કર્યું હતું, જ્યારે આભારવિધિ પ્રાધ્યાપક સુરેશભાઈ ગામીતે કરી હતી. કાર્યક્રમમાં કોલેજના પ્રાધ્યાપકો અને તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લઠ્ઠાકાંડ બાદ સાપુતારા ચેકપોસ્ટ પર પોલીસનું સઘન ચેકિંગ



સાપુતારાઃ ભાવનગરમાં તાજેતરમાં બનેલી લઠ્ઠાકાંડની ગંભીર ઘટના બાદ સમગ્ર ગુજરાત પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. ડાંગ જિલ્લામાં પણ દારૂની ગેરકાયદે હેરાફેરીને રોકવા પોલીસ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

મહારાષ્ટ્રની સરહદને અડીને આવેલા સાપુતારા ખાતેની આંતરરાજ્ય ચેકપોસ્ટ પર પોલીસ દ્વારા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર તરફથી ડાંગ અને દક્ષિણ ગુજરાતમાં પ્રવેશતા નાના-મોટા તમામ વાહનોને રોકી ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસ દ્વારા વાહનોમાં કોઈ શંકાસ્પદ સામાન કે ગેરકાયદે દારૂનો જથ્થો છૂપાવવામાં આવ્યો છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. ખાસ કરીને દારૂની હેરાફેરી માટે આવશ્યક ચીજવસ્તુઓના વાહનોનો ઉપયોગ ન થાય તે માટે દૂધ અને શાકભાજી ભરેલા વાહનોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

ડાંગ પોલીસ દ્વારા લઠ્ઠાકાંડ જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય અને સરહદી માર્ગે થતી દારૂની ગેરકાયદે હેરાફેરી પર અંકુશ મેળવી શકાય તે માટે ચેકપોસ્ટ પર ૨૪ કલાક સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

# વલસાડમાં ઈદ-એ-મિલાદની ભવ્ય ઉજવણી : શહેરના મુખ્ય માર્ગો પરથી નીકળેલા જુલૂસમાં કોમી એકતાના દર્શન



વલસાડઃ પયગંબર હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ના જન્મજયંતિ પર્વ ઈદ-એ-મિલાદુન્નબીની વલસાડ શહેરમાં શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે શહેરના મુખ્ય માર્ગો પરથી ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપરાંત સ્થાનિક નાગરિકો પણ જોડાયા હતા.

જુલૂસ દરમિયાન સમાજના આગેવાનોએ પયગંબર સાહેબના જીવન અને સંદેશને યાદ કરતાં હિંદુ-મુસ્લિમ ભાઈચારો, શાંતિ અને સદભાવનાનો સંદેશ આપ્યો હતો. દેશની એકતા અને અખંડિતતા જળવાઈ રહે તેમજ ભારત વિશ્વમાં પ્રગતિ કરે તેવી પ્રાર્થના પણ કરવામાં આવી હતી.

જુલૂસમાં બાળકોથી લઈને વડીલો સુધીના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. રંગબેરંગી ઝંડાઓ, પયગંબર સાહેબના સંદેશાવાળા બોર્ડ તેમજ શણગારેલા વાહનો સાથે નીકળેલા જુલૂસે શહેરના મુખ્ય માર્ગો પર આકર્ષણ જમાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોમી એકતા અને ભાઈચારાની ભાવના જોવા મળી હતી. જુલૂસ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે સ્થાનિક પોલીસ દ્વારા માર્ગો પર ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# મફતમાં સામાન ન આપતાં ચાની લારીવાળા પર પોલીસનો મારપીટનો આરોપ, હાઈકોર્ટની નોટિસ

સુરતઃ લિંબાયત વિસ્તારમાં ચાની લારી ચલાવતા વેપારી સાથે પોલીસકર્મીઓ દ્વારા કથિત મારપીટ અને હેરાનગતિનો મામલો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. વેપારી મનોજ સરોજે આક્ષેપ કર્યો છે કે ચાની લારી પરથી પાન, સિગારેટ અને એનર્જી ડ્રિંક સહિતનો સામાન મફતમાં આપવાનો ઇનકાર કરતાં પોલીસકર્મીઓએ તેની સાથે મારપીટ કરી હતી.

અરજદારના જણાવ્યા મુજબ, ૧૩ જુલાઈના રોજ જ્યારે ૫ પોલીસકર્મીઓ લારી પર આવ્યા હતા અને મફતમાં સામાનની માગણી કરી હતી. વેપારીએ ઇનકાર કરતાં તેની સાથે મારપીટ કરવામાં આવી હોવાનો આરોપ છે. ઘટનાને લઈને વેપારીએ સુરત પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરી હતી, ત્યારબાદ તપાસ DCPને સોંપવામાં આવી હતી.

વેપારીનો વધુ આરોપ છે કે ફરિયાદ કર્યા બાદ પણ પોલીસ દ્વારા તેને અને તેના પરિવારને હેરાન કરવામાં આવ્યા હતા. ૮ ઓગસ્ટે તેના ભાઈને પોલીસ સ્ટેશન લઈ જઈ માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. આ ઘટનાના CCTV ફૂટેજ હોવાનો દાવો અરજદાર તરફથી કરવામાં આવ્યો છે.

આ મામલે વેપારીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરતાં કોર્ટે સંબંધિત પોલીસ અધિકારીઓને નોટિસ પાઠવી છે. હાઈકોર્ટે સમગ્ર મામલે ૩૦ સપ્ટેમ્બરે કોર્ટ સમક્ષ હાજર રહી ખુલાસો કરવા આદેશ આપ્યો છે.

હાલમાં આ તમામ બાબતો અરજદાર દ્વારા કરવામાં આવેલા આક્ષેપો છે. આક્ષેપોની સત્યતા અંગે કોર્ટમાં આગામી સુનાવણી દરમિયાન સ્પષ્ટતા થવાની છે.

# માલેગામ ઘાટમાં બે અકસ્માત, સદનસીબે જાનહાનિ ટળી

સાપુતારાઃ ડાંગ જિલ્લાના સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ઘાટમાર્ગમાં મંગળવારે બે અલગ-અલગ અકસ્માત સર્જાતા વાહનચાલકોમાં ચિંતા જોવા મળી હતી. બંને અકસ્માતમાં વાહનો અને માલસામાનને નુકસાન થયું હતું, જોકે સદનસીબે ચાલક અને ક્લીનરનો બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, મહારાષ્ટ્રના વણીથી ટામેટાંનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલી ટ્રક માલેગામ ઘાટમાં ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના વળાંક પરથી પસાર થઈ રહી હતી. દરમિયાન અચાનક બ્રેક ફેલ થતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ટ્રક રસ્તાની બાજુ આવેલી સંરક્ષણ દિવાલ સાથે અથડાઈ હતી. જેના કારણે ટ્રક ઊંડા ખાડામાં ખાબકતાં બચી ગઈ હતી. અકસ્માતમાં ટ્રક તેમજ તેમાં ભરેલા ટામેટાંના જથ્થાને નુકસાન થયું હતું.

બીજા બનાવમાં મહારાષ્ટ્રના પુણેથી માલસામાન ભરી સાપુતારા તરફ આવી રહેલું કન્ટેનર GJ-27-TT-3728 માલેગામ ઘાટમાં પહોંચતા ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા પલટી મારી હતી. અકસ્માતમાં કન્ટેનર તથા તેમાં ભરેલા માલસામાનને નુકસાન થયું હતું. જોકે આ બનાવમાં પણ ચાલક અને ક્લીનરનો આબાદ બચાવ થયો હતો.

# વાપીમાં બે મહિનાનો પગાર ન મળતાં દંપતીનો આપઘાતનો પ્રયાસ

## સોશિયલ મિડિયા પર આપઘાતની પોસ્ટ જોઈ ડુંગરા પોલીસે તાત્કાલિક દોડી જઈ દંપતીને બચાવ્યું, શેઠ પાસેથી બાકી પગાર પણ અપાવ્યો

વાપી : વલસાડ જિલ્લાના વાપી તાલુકાના ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે મહિનાથી પગાર ન મળતાં આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા દંપતીએ આપઘાતનું પગલું ભરવાનો પ્રયાસ કર્યો હતો. યુવકે સોશિયલ મીડિયા પર આપઘાત કરી લેવાની પોસ્ટ મૂકતાં વલસાડ પોલીસ કંટ્રોલ રૂમને તેની જાણ થઈ હતી. કંટ્રોલ રૂમ તરફથી તાત્કાલિક ડુંગરા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમયસર દંપતીને બચાવી લીધું હતું.

મળતી માહિતી મુજબ, વાપીના છીરી-રામનગર વિસ્તારમાં રહેતા દંપતીને તેમના શેઠ દ્વારા છેલ્લા બે મહિનાથી પગાર ચૂકવવામાં આવ્યો નહોતો. દંપતીના જણાવ્યા અનુસાર, તેમની અંદાજે રૂ. ૧૦ હજાર જેટલી રકમ બાકી હતી. લાંબા સમયથી પગાર ન મળતાં પરિવાર આર્થિક સંકટામણમાં મુકાયો હતો. આ પરિસ્થિતિથી કંટાળીને યુવકે સોશિયલ મીડિયા પર આપઘાત અંગેની પોસ્ટ મૂકી હતી.

પોસ્ટની જાણ થતાં વલસાડ પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા ડુંગરા પોલીસ સ્ટેશનને તાત્કાલિક માહિતી આપવામાં આવી હતી. પોલીસે સમય બગાડ્યા વિના દંપતીનો સંપર્ક કરી તેમને રેસ્ક્યૂ કર્યા હતા અને આપઘાતનું પગલું ભરતાં અટકાવ્યા હતા.

ત્યારબાદ પોલીસે દંપતીની પૂછપરછ કરતાં પગાર ન મળવાના કારણે આર્થિક મુશ્કેલી ઊભી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે દંપતીના શેઠને પોલીસ સ્ટેશન બોલાવી જરૂરી સમજ આપી હતી. પોલીસની દરમિયાનગીરી બાદ દંપતીને તેમની બાકી નીકળતી પગારની રકમ અપાવવામાં આવી હતી.

વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા અને નાયબ પોલીસ અધીક્ષક બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ ડુંગરા પોલીસની ટીમે સમયસૂચકતા દાખવી સમગ્ર મામલે કાર્યવાહી કરી હતી. પોલીસની ઝડપી કામગીરીથી એક દંપતીનો અમૂલ્ય જીવ બચ્યો હતો.

**વાચકો જોગ**
**સાઉથ રિપબ્લીક**
દૈનિક-નવસારી
આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓના સમાચારો, પ્રશ્નો, સામાજિક નોંધ તેમજ શાળા- કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓના સમાચારો અમને ફોટોગ્રાફ સાથે લખીને મોકલો.
૧૦૨ રાજ રેસિડન્સી, અવધૂત આઈ હોસ્પિટલ પાસે, આશાનગર, નવસારી.
મો.:- 7600000600
EMAIL:- sethiarohit48@gmail.com

**ખાસ નોંધ**
સાઉથ રિપબ્લીક દૈનિક અખબારમાં છપાતા તમામ લેખ, સમાચારને લગતા વાદ-વિવાદ તકરાર, કાનૂની પ્રક્રિયા નવસારી કોર્ટને આધીન

# ખડસુપા ગામે ADIP અને વયોશ્રી યોજનાના કેમ્પમાં ૧૨૦૫ લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન



નવસારી : નવસારી ગ્રામ્ય તાલુકાના ખડસુપા ગામે કોળી સમાજની વાડી ખાતે કેન્દ્ર સરકારની ADIP તથા વયોશ્રી યોજનાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને સરકારી સહાય યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે સ્થળ પર જ રજીસ્ટ્રેશન તથા એસેસમેન્ટની સુવિધા પૂરી પાડવાનો હતો.

કેમ્પ દરમિયાન સવારે ૯:૩૦થી સાંજે ૪:૩૦ કલાક સુધી મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. લાભાર્થીઓના જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નિષ્ણાતો દ્વારા લાભાર્થીઓનું એસેસમેન્ટ કરવામાં આવ્યું તેમજ યોજનાની પાત્રતા, જરૂરી સહાયક સાધનો અને મળવાપાત્ર સહાય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેમ્પમાં વયોશ્રી યોજનાના ૧,૦૭૨ લાભાર્થીઓ અને ADIP યોજનાના ૧૩૩ લાભાર્થીઓ, મળી કુલ ૧,૨૦૫ લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવી એસેસમેન્ટ કરાવ્યું હતું. મોટી સંખ્યામાં લાભાર્થીઓએ કેમ્પનો લાભ લેતાં આયોજનને સારો પ્રતિસાદ મળ્યો હતો.

વયોશ્રી યોજના હેઠળ વરિષ્ઠ નાગરિકોને તેમની જરૂરિયાત મુજબ સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા માટે પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જયારે ADIP યોજના હેઠળ દિવ્યાંગજનોને ઉપયોગી સહાયક સાધનો મળી રહે તે માટે જરૂરી એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું.

કેમ્પના આયોજનથી ખડસુપા તથા આસપાસના વિસ્તારોના લાભાર્થીઓને પોતાના વિસ્તારમાં જ સરકારી યોજનાઓની પ્રક્રિયા પૂર્ણ કરવાની સુવિધા મળી હતી. અધિકારીઓ, કર્મચારીઓ અને આયોજકોના સંકલિત પ્રયાસોથી કેમ્પની કામગીરી સુચારૂ રીતે પૂર્ણ થઈ હતી.આ પ્રસંગે નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઈ, નવસારી તાલુકા પંચાયત પ્રમુખ નયન પટેલ, તેમજ ગામના આગેવાનો અગ્રણીઓ અને લાભાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# બીલીમોરા શ્રીરંગ મહાવિદ્યાલયમાં નર્મદ જયંતિ અને વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી

બીલીમોરાઃ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નર્મદ જયંતિ અને વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની થીમ 'મારી ગુજરાતી' 'મારી ઓળખ' તથા 'એક ભાષા, અનેક લાગણીઓ' રાખવામાં આવી હતી.

કાર્યક્રમનો પ્રારંભ વૈષ્ણવજન તો પ્રાર્થનાથી થયો હતો. તાલીમાર્થી રાઠોડ શ્રેયાએ કવિ નર્મદના જીવન અને સાહિત્યિક યોગદાનનો પરિચય કરાવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી ભાષાની અદાલત નાટક, ગુજરાતી ભાષાનો આજના યુવાનને પત્ર તેમજ શબ્દોમાં ગુજરાતી... ગુજરાતીમાં લાગણી! જેવી સર્જનાત્મક




કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. તાલીમાર્થી બહેનોએ સમૂહગીત તથા PPT આધારિત ગુજરાતી પ્રશ્નમંજુષા પણ રજૂ કરી હતી.

વક્તવ્યમાં ડૉ. શીતલબેન વસાવાએ કવિ નર્મદના જીવનપ્રસંગો અને સાહિત્યિક પ્રદાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે નર્મદને ગદ્યના પિતા અને અર્વાચીનોમાં આદ્ય તરીકે ઓળખવામાં આવે છે તેનું મહત્વ સમજાવ્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલે માતૃભાષા પ્રત્યે ગૌરવ રાખવા અને દૈનિક જીવનમાં ગુજરાતી ભાષાના વધુ ઉપયોગ માટે સૌને પ્રેરણા આપી હતી.

કાર્યક્રમના અંતે સંકલ્પ સેતુ અંતર્ગત ઉપસ્થિત સૌએ ગુજરાતી ભાષાના જતન અને સંવર્ધન માટે સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મેનેજિંગ કમિટીના અધ્યક્ષ ભરતભાઈ અમીન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નરેશભાઈ નેમાણી તથા મંત્રી ઉદયભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંડળના પદાધિકારીઓએ કાર્યક્રમની સફળતા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન ઈન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલે આપ્યું હતું અને આયોજન ડૉ. શીતલબેન વસાવાની દેખરેખ હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. અંતે આભારવિધિ કરવામાં આવી હતી.

# સંસ્કૃતના ગૌરવ સાથે ગણદેવી ગુંજી ઉઠયું, વિદ્યાર્થીઓએ ભવ્ય સંસ્કૃત ગૌરવયાત્રા યોજી





બીલીમોરા : સંસ્કૃત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગણદેવી તાલુકામાં સંસ્કૃત ભાષા પ્રત્યે વિદ્યાર્થીઓ અને સમાજમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી સંસ્કૃત ગૌરવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આંતલિયાથી શરૂ થયેલી આ યાત્રા વિવિધ માર્ગો પરથી પસાર થઈ શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય ખાતે પહોંચી હતી. સમગ્ર યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યેનો ઉત્સાહ અને ગૌરવ જોવા મળ્યું હતું. સંસ્કૃત ભાષાના મહત્વ અને ભારતીય સંસ્કૃતિ, જ્ઞાનપરંપરા તથા વારસામાં તેના યોગદાનને લોકો સુધી પહોંચાડવાના હેતુથી યોજાયેલી ગૌરવયાત્રાનો પ્રારંભ બીલીમોરાના આંતલિયા સ્થિત અસ્પી કન્યા વિદ્યાલય ખાતેથી કરવામાં આવ્યો હતો. યાત્રામાં વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ભાષા અંગે જાગૃતિ ફેલાવતા સંદેશો સાથે ભાગ લેવામાં આવ્યો હતો. યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાની વિશેષતા, તેના ઐતિહાસિક મહત્વ તેમજ ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરામાં રહેલા તેના મહત્વ અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો. યાત્રા વિવિધ વિસ્તારોમાંથી પસાર થતાં સ્થાનિક લોકોનું પણ ધ્યાન આકર્ષિત થયું હતું.

આ ગૌરવયાત્રામાં વાણિયામિલ હાઈસ્કૂલ, અસ્પી કન્યા વિદ્યાલય તથા શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિથી ગૌરવયાત્રા જીવંત બની હતી. પ્રસંગે આંતલિયા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ જયેશ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, જિલ્લા પંચાયત સભ્ય રેખાબેન, બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલ તેમજ ગણદેવી તાલુકા વિકાસ અધિકારી (TDO) સહિત વિવિધ જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ભારતની પ્રાચીન જ્ઞાનપરંપરા, સાહિત્ય, દર્શન અને સંસ્કૃતિ સાથે સંસ્કૃત ભાષાનું વિશેષ સ્થાન રહ્યું છે. આજની નવી પેઢીને સંસ્કૃતના મહત્વથી પરિચિત કરાવવા તથા વિદ્યાર્થીઓમાં આ ભાષાના અભ્યાસ પ્રત્યે રસ અને ગૌરવની ભાવના વિકસે તે માટે સંસ્કૃત સપ્તાહ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય ખાતે સંસ્કૃત કક્ષની મુલાકાત લીધી

ગૌરવયાત્રાના સમાપન સ્થળ શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય ખાતે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા સંસ્કૃત કક્ષની વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. સંસ્કૃત કક્ષમાં સંસ્કૃત ભાષાના ઈતિહાસ, મહત્વ અને ભારતીય સંસ્કૃતિમાં તેના સ્થાન અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કક્ષ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે વધુ રસ જગાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સંસ્કૃત ગૌરવયાત્રા દ્વારા વિદ્યાર્થીઓને માત્ર સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે પ્રેરણા જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરા સાથે જોડાવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. સંસ્કૃત સપ્તાહ અંતર્ગત યોજાયેલી આ ગૌરવયાત્રા સંસ્કૃત ભાષાના સંવર્ધન, સંરક્ષણ અને નવી પેઢીમાં તેના પ્રત્યે ગૌરવની ભાવના વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ બની રહી હતી.

# વાંસદામાં ઈદ-એ-મિલાદ નિમિત્તે ભવ્ય જુલૂસ



વાંસદાઃ વાંસદા નગર સહિત સમગ્ર તાલુકામાં મુસ્લિમ સમાજ દ્વારા ઈદ-એ-મિલાદ-ઉન-નબી પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. પયગંબર હઝરત મોહમ્મદ સાહેબના જન્મદિવસ નિમિત્તો વહેલી સવારથી મસ્જિદોમાં કુરાનખ્વાની, નાતખ્વાની તથા દુઆના કાર્યક્રમો યોજાયા હતા.

ત્યારબાદ વાંસદાની મુખ્ય મસ્જિદથી જુલૂસ-એ-મોહમ્મદીનું આયોજન કરવામાં આવ્યું હતું. જુલૂસ મુખ્ય બજાર, ચાર રસ્તા અને મેઈન રોડ પરથી પસાર થઈ પરત મસ્જિદ ખાતે પહોંચ્યો હતો. જુલૂસમાં મોટી સંખ્યામાં નાના-મોટા સૌ જોડાયા હતા અને પયગંબર સાહેબની શાનમાં નારા લગાવ્યા હતા. માર્ગમાં વિવિધ સ્થળોએ જુલૂસનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુસ્લિમ સમાજના અગ્રણીઓએ પયગંબર સાહેબના જીવનમાંથી શાંતિ, ભાઈચારો અને માનવતાનો સંદેશ અપનાવવા અપીલ કરી હતી. ઈદની નમાઝ અદા કર્યા બાદ સમાજના લોકોએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વાંસદા પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# પોતાના 'મ્યુઝિક તથા ન્યૂઝ સ્ટુડિયો' સુધીની આ કાયાપલટ કોઈ સપનાથી ઓછી નથી!





નવસારી : નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના એક દુર્ગમ ગામ રંગપુરમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાને ૩ધ નેક્સ્ટ જનરેશન ગવર્મેન્ટ સ્કૂલ માં ફેરવવાનું અશક્ય લાગતું કામ આચાર્ય નિતિનકુમાર મહેન્દ્રકુમાર પાઠક અને તેમની ટીમે શક્ય કરી બતાવ્યું છે. વર્ષ ૨૦૧૫ માં પોતાના ઘરથી ૭૨ કિમી દૂર આ શાળામાં બદલી કરાવીને આવેલા નિતિનકુમારે ગામના લોકોના સહયોગ અને લોકભાગીદારીથી આશરે રૂા.૧.૪૮ કરોડનું દાન એકઠું કરીને શાળાનું આખું ચિત્ર બદલી નાખ્યું.

અહીં અભ્યાસ કરતી દીકરીઓ હિન્દી ભાષામાં પોતાની શાળાના ન્યૂઝ બુલેટિન એન્કર કરે છે, વિદ્યાર્થીઓ ૧૦૮ વર્કિંગ મોડલ્સવાળા સાયન્સ સેન્ટરમાં પ્રયોગો કરે છે અને વર્ગખંડમાં જ ટેબ્લેટ તેમજ ટચ સ્ક્રીન વડે ટેકનોલોજી આધારિત શિક્ષણ મેળવે છે.

નિતિનભાઈએ જ તૈયાર કરેલા ૩૬૫ દિવસના ગણિત-વિજ્ઞાન કેલેન્ડર અને QR કોડ આધારિત શિક્ષણ પદ્ધતિના કારણે છેલ્લા ૩ વર્ષમાં શાળાના ૮૯ વિદ્યાર્થીઓએ સરકારી મેરિટ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ સ્થાન મેળવ્યું છે. ખાનગી શાળાઓ છોડીને બાળકો હવે આ સરકારી શાળામાં પ્રવેશ લઈ રહ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવનારા અને સેંકડો આદિવાસી બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવનારા આ નિષ્ઠાવાન શિક્ષક નીતિનકુમાર પાઠકની National Teachers' Award ૨૦૨૬ માટે પસંદગી થઈ છે. ૫ સપ્ટેમ્બર 'શિક્ષક દિન' પર સમગ્ર ગુજરાતનું નામ રોશન કરનાર દેશના આ એકમાત્ર ગુજરાતી પ્રાથમિક શિક્ષકને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે.

# નવસારી-સુરત હાઈવે પર ST બસ-કાર વચ્ચે અકસ્માત

નવસારી : નવસારી-સુરત સ્ટેટ હાઈવે પર મરોલી અને સચિનને જોડતા મિંઢોળા નદીના ઓવરબ્રિજ પર બુધવારે સાંજે ST બસ અને સેન્ટ્રો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બંને વાહનોને નુકસાન થયું હતું, જોકે સદનસીબે કોઈ ગંભીર જાનહાનિ થઈ ન હતી.

પ્રાથમિક માહિતી મુજબ વાપી ડેપોની GJ 18 Z 8444 નંબરની ST બસ વલસાડ અને નવસારી થઈ સુરત તરફ જઈ રહી હતી. દરમિયાન મિંઢોળા નદીના ઓવરબ્રિજ પર સામેથી આવી રહેલી GJ 03 FD 2769 નંબરની સેન્ટ્રો કાર સાથે બસની ટક્કર થઈ હતી.

અકસ્માની જાણ થતાં સચિન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક ટ્રાફિક વ્યવસ્થા સંભાળી વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો. બસમાં સવાર મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારી અન્ય ST બસ મારફતે તેમના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવ્યા હતા.

મિંઢોળા નદી પરના બે પુલ પૈકી એક પુલ પર ભારે વાહનોની અવરજવર અગાઉથી પ્રતિબંધિત હોવાથી મોટા વાહનો હાલ બીજા પુલ પરથી પસાર થઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે બસ અને કાર વચ્ચે થયેલા અકસ્માતને પગલે પુલ પરની ટ્રાફિક વ્યવસ્થાને લઈને ફરી સવાલો ઊભા થયા છે.

અકસ્માની પાછળનું ચોક્કસ કારણ શું હતું તે જાણવા સચિન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નવસારી જિલ્લાના બાગાયતી ખેડૂતોને પેદાશોના નિકાસ માટે જરૂરી દસ્તાવેજો સાથે બાગાયત કચેરીનો સંપર્ક કરવો

નવસારી : નવસારી જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે કે, બાગાયતી પેદાશો એટલે કે ફળ અને શાકભાજીની વિદેશમાં નિકાસ કરવા ઈચ્છતા હોય, તો એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

આ માટે ખેડૂતોએ રજીસ્ટ્રેશન ફોર્મ સાથે તાજેતરની ૮-અ, ૭ અને ૧૨ની નકલ, આધારકાર્ડની નકલ, ખેતરનો કાચો નકશો તથા ફાર્મ ડાયરી સાથે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી,પાણીની ટાંકી પાસે, જૂની જિલ્લા તિજોરી કચેરીની સામે,મોટા બજાર, નવસારી, તા. જિ. નવસારી. ફોન નં.: (૦૨૬૩૭) ૨૮૧૮૫૮ નવસારી ખાતેસંપર્કસાધવાનો રહેશે.

બાગાયતી પેદાશોને આંતરરાષ્ટ્રીય બજારમાં પહોંચાડવા ઈચ્છુક નવસારી જિલ્લાના ખેડૂતોને આ તકનો લાભ લેવા તથા જરૂરી દસ્તાવેજો સાથે સમયસર રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવા નાયબ બાગાયત નિયામક નવસારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## વલસાડમાં આશા વર્કરોનો વેતન અન્યાય સામે મોરચો

# બે વર્ષથી બાકી પ્રોત્સાહક રકમ ચૂકવવાની માંગ, માંગ નહી સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

વલસાડઃ વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતી આશા વર્કરોએ છેલ્લા બે વર્ષથી બાકી રહેલી પ્રોત્સાહક રકમની ચૂકવણી સહિતના પ્રશ્નોને લઈને સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. મહિલા શક્તિ સેનાના નેજા હેઠળ મોટી સંખ્યામાં આશા વર્કરો મોરચા સાથે એકત્ર થઈ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી પોતાની માંગણીઓ રજૂ કરી હતી.

આશા વર્કરોએ જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (સીડીએચઓ)ને આવેદનપત્ર આપી બાકી પ્રોત્સાહક રકમ તાત્કાલિક તેમના બેંક ખાતામાં જમા કરાવવાની માંગ કરી હતી. સાથે જ ભવિષ્યમાં વિવિધ કામગીરીનું પ્રોત્સાહક ભથ્થું અથવા મહેનતાણું દર મહિને નિયમિત રીતે ચૂકવવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી.

આશા વર્કરો ગામડાઓ તેમજ દુર્ગમ વિસ્તારોમાં જઈ મહિલાઓ અને બાળકોને આરોગ્ય સંબંધિત સેવાઓ પહોંચાડવાની કામગીરી કરે છે. તેમ છતાં છેલ્લા બે વર્ષથી પ્રોત્સાહક રકમ નહીં મળતા મોંઘવારી, બાળકોની શૈક્ષણિક ફી, પુસ્તકો અને ઘરખર્ચ ચલાવવામાં મુશ્કેલી પડી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આશા વર્કરોએ સરકારને બાકી રકમ તાત્કાલિક ચૂકવવા માંગ કરી છે. જો તેમની માંગણીઓનો વહેલી તકે ઉકેલ નહી આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી હતી.

સાઉથ રિપબ્લીક - દૈનિક | SOUTH REPUBLIC DAILY, NAVSARI

### નવસારી મહાનગરપાલિકાના ટાઉન હોલ ખાતે એસેસમેન્ટ કેમ્પ યોજાયો

# કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલએ દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા આયોજિત એસેસમેન્ટ કેમ્પની મુલાકાત લીધી

### કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા મંત્રીને કેમ્પની રૂપરેખા અને ચાલી રહેલી કામગીરીની વિગતવાર માહિતી આપવામાં આવી




નવસારી : સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ તથા ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO), ભારત સરકારના ઉપક્રમે દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા માટે નવસારી મહાનગરપાલિકાના ટાઉન હોલ ખાતે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પની કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા મંત્રીને કેમ્પની સમગ્ર રૂપરેખા, લાભાર્થીઓના રજીસ્ટ્રેશન તથા એસેસમેન્ટની પ્રક્રિયા અને ચાલી રહેલી કામગીરી અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ કેમ્પ અંતર્ગત એડીપ યોજના હેઠળ દિવ્યાંગજનોને તથા રાષ્ટ્રીય વયોવૃદ્ધ યોજના (રાષ્ટ્રીય વયોશ્રી યોજના) હેઠળ વરિષ્ઠ નાગરિકોને જરૂરી સહાયક સાધનો માટે એસેસમેન્ટ કરવામાં આવી રહ્યું છે. કેમ્પમાં દિવ્યાંગજનો માટે દિવ્યાંગ પ્રમાણપત્ર/યૂડીઆઈડી કાર્ડ, વાર્ષિક આવકના આવકનો દાખલો, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબર. જ્યારે વરિષ્ઠ નાગરિકો માટે આધાર કાર્ડ, વાર્ષિક આવકનો દાખલો તથા મોબાઈલ નંબર સહિતના જરૂરી દસ્તાવેજોના આધારે કામગીરી કરવામાં આવી રહી છે.

મંત્રી સી.આર.પાટીલની મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા લાભાર્થીઓને યોજનાનો મહત્તમ લાભ મળી રહે તેમજ કેમ્પની કામગીરી સુચારૂ અને અસરકારક રીતે પૂર્ણ થાય તે માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોને કેમ્પનો લાભ લેવા જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે. દિવ્યાંગ લાભાર્થીઓએ દિવ્યાંગ કાર્ડ/પ્રમાણપત્ર સાથે હાજર રહેવાનું રહેશે.

આ પ્રસંગે નવસારી મહાનગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાજીયા, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ , નવસારી પ્રાંત અધિકારી તૃપ્તિ એમ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનરો જે.યુ. વસાવા તથા ગૌરાંગ વસાણી તેમજ સંબંધિત વહીવટી તંત્રના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારીમાં જેસીઆઈ ઇન્ડિયાના નેશનલ વાઇસ પ્રેસિડેન્ટની ઓફિશિયલ વિઝિટ





નવસારી : જેસીઆઈ નવસારી દ્વારા કાલિયાવાડી ખાતે આવેલી અનાવિલ સમાજ ટ્રસ્ટ વાડીમાં જેસીઆઈ ઇન્ડિયાના ૨૦૨૬ નેશનલ વાઇસ પ્રેસિડેન્ટ (એરિયા-બી) જેએફએસ કૌશિક આર. ની સેકન્ડ હાફ ઓફિશિયલ વિઝિટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ વિવિધ ચેપ્ટર્સ વચ્ચે નેતૃત્વ વિકાસ, સહકાર અને ફેલોશિપને વધુ સુદ્રઢ બનાવવાનો હતો. આ પ્રસંગે જેએફએસ કૌશિક આર. સભ્યો સાથે સંવાદ સાધી આગામી સમયમાં વધુ અસરકારક સામાજિક અને સંસ્થાકીય પ્રવૃત્તિઓ કરવા પ્રેરક માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં ઝોન પ્રેસિડેન્ટ જેએફએસ લલિત બલદાણિયા, ઝેડવીપી જેસી સેન. યોગેશ્વરી રાઠોડ અને ઝેડડી ટ્રેનિંગ જેએફએમ મીત પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નવસારી, વલસાડ, બીલીમોરા પ્રાઇમ, ચીખલી, વાંસદા રોયલ અને વાપી ચેપ્ટર્સના પ્રમુખો હિતેશ પવાર, હજુતા પારેખ, હેતલ પાનારા, સેન રાની પટેલ, વિજય પટેલ અને પિંકી મહાકુડ સહિત હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ સમગ્ર આયોજન નવસારી જેસીઆઈના પ્રમુખ જેએફએમ હિતેશ પવારના નેતૃત્વમાં સફળતાપૂર્વક સંપન્ન થયું હતું, જેમાં ભવિષ્યમાં સંયુક્ત સેવાકીય પ્રોજેક્ટ્સ હાથ ધરવાનો સંકલ્પ લેવાયો હતો.

# મહારાષ્ટ્રના પાલઘર જીલ્લામાં લુંટ કરી ઇકો કારમાં ભાગતા ૪ આરોપી ગુંદલાવ હાઇવે પરથી ઝડપાયા

નવસારી : નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર ગુંદલાવ ગામ પાસેથી વલસાડ એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે મહારાષ્ટ્રના પાલઘર જીલ્લામાં લુંટ કરી ઈક્કો કારમાં સુરત તરફ ભાગતા ૪ આરોપીને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગત ૨૪મીએ મહારાષ્ટ્રના પાલઘર જીલ્લાના વાડા પોલીસ મથક વિસ્તારમાં ૪ અજાણ્યા ઈસમોએ પહેરેલી સોનાની ચેઈનની લુંટ કરી એક સફેદ રંગની મારુતિ ઈક્કો કાર (નં. જીજે-૦૫-આરએસ-૯૭૫૭) માં બેસી પાલઘર જીલ્લાથી નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર થઈ સુરત તરફ નાશી રહ્યા હોવાની માહિતી મળી હતી.જેના આધારે પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને વલસાડ જીલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાએ વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસના પી.આઈ. એ.યુ.રોઝને સુચના આપી હતી. જેથી વલસાડ એલ.સી.બી. પોલીસે વલસાડ જીલ્લાની હદ વિસ્તારમાં જરૂરી વોચ ગોઠવી નાકાબંધીમાં હતા. દરમિયાન લુટારુઓની સફેદ રંગની ઈક્કો કાર (નં. જીજે-૦૫-આરએસ-૯૭૫૭) આવતા પોલીસે તેને રોકી કારમાં સવાર ચારેય આરોપીઓને ઝડપી પાડયા હતા. જેમાં સુરત ભેસ્તાન આવાસ ઉમ્મીદનગરમાં રહેતા મુજ્જમીલ અસફાક સવાની, સુરત ભેસ્તાન આવાસમાં રહેતા અસ્ફાક અલી ઉર્ફે બાબુ ઉર્ફે બાઘા મેહમુદ અલી સૈયદ, ભેસ્તાન આવાસ ઉમ્મીદનગરમાં રહેતા સુફિયાન નાજીમ શેખ અને આસિફા ઉર્ફે હીના અમઝદ પઠાણને ઝડપી પાડયા હતા. સાથે જ પોલીસે ૧.૭૦ લાખની ૧૩ ગ્રામની સોનાની ચેઈન અને ૩ લાખ રૂપિયાની ઈક્કો કાર મળી કુલ્લે ૪.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી માટે પાલઘર એલ.સી.બી. બ્રાંચને સોંપવાની કાર્યવાહી કરવામાં આવી છે.




## ઝડપાયેલા ચાર પૈકી ત્રણ આરોપીઓના ઈતિહાસ ગુનાહિત

નવસારી : વલસાડ એલ.સી.બી. પોલીસે લુંટના ગુનામાં ઝડપી પાડેલા ચાર આરોપીઓ પૈકી ૩ આરોપીઓના ઈતિહાસ ગુનાહિત હોવાનું સામે આવ્યું છે. જેમાં અસ્ફાક અલી ઉર્ફે બાબુ ઉર્ફે બાઘા મેહમુદ અલી સૈયદ વિરુદ્ધ સુરત શહેર ડી.સી.બી. પોલીસ મથકે, ઉમરા પોલીસ મથકે, મહિધરપુરા પોલીસ મથકે અને મહારાષ્ટ્રમાં પાલઘરના કાસા પોલીસ મથકે ગુનાઓ નોંધાયા છે. સુફિયાન નાજીમ શેખ સુરતના સલાબતપુરા પોલીસ મથકે ૨ ગુનાઓ અને કાપોદ્રા પોલીસ મથકે ગુનાઓ નોંધાયા હતા. મુજ્જમિલ અસફાક સવાની વિરુદ્ધ પાલઘરના કાસા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

# રક્ષાબંધનના પર્વે નિમિત્તે નવસારીની બહેનો અને બાળકો માટે નવસારી મનપાએ સિટી બસમાં નિઃશુલ્ક મુસાફરીની જાહેરાત કરી

નવસારી : નવસારી શહેર તેમજ આજુબાજુમાં આવેલા ગામોમાં નવસારી મનપા દ્વારા સીટી બસ દોડાવવામાં આવે છે. ત્યારે આગામી રક્ષાબંધનના પર્વ નિમિત્તે નવસારી મહાનગરપાલિકા દ્વારા બહેનો અને બાળકોને અનોખી ભેટ આપવામાં આવી છે. મહાનગરપાલિકા વિસ્તારમાં સંચાલિત સિટી બસ સેવામાં રક્ષાબંધનના દિવસે બહેનો અને બાળકોને નિઃશુલ્ક મુસાફરીની સુવિધા આપવાની જાહેરાત કરવામાં આવી છે. જેના પગલે રક્ષાબંધનના દિવસે ભાઈને રાખડી બાંધવા જતી અને પરિવારજનોને મળવા માટે જતી બહેનોને ભાડું ચૂકવ્યા વિના મુસાફરી કરવા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે રક્ષાબંધનના પર્વ નિમિત્તે પાલિકા વિસ્તારમાં ચાલતી સીટી બસ બહેનો માટે નિઃશુલ્ક રાખવામાં આવતી હતી. જે નિર્ણય આ વર્ષે પણ લેવામાં આવતા બહેનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

# નવસારીમાં ઈદે મિલાદની ભવ્ય ઉજવણી



નવસારી : હઝરત મોહમ્મદ પયગંબર સાહેબના જન્મદિન ઈદે મિલાદ-ઉન-નબીની સમગ્ર નવસારી શહેરમાં ભારે અકીદત, ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. માનવતા, શાંતિ, દયા અને સદ્ભાવનાનો સંદેશ આપતા આ પાવન પર્વ નિમિત્તે શહેરમાં વિવિધ વિસ્તારોમાંથી ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું. દારૂલ ઉલૂમ અન્વારે રઝા સંસ્થા દ્વારા પરંપરાગત રીતે ઐતિહાસિક મોટી દરગાહ મસ્જિદથી દારૂલ ઉલૂમ અન્વારે રઝા મદ્રેસા સુધી એક શાનદાર જુલૂસ કાઢવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ઘેલખડીથી રિંગરોડ સુધી પણ વિશાળ જુલૂસનું આયોજન થયું હતું. જેમાં હજારોની સંખ્યામાં મુસ્લિમ સમાજના બિરાદરો ઉમંગભેર જોડાયા હતા. સમગ્ર માર્ગો નાત-એ-પાકની ગુંજથી ગૂંજી ઊઠ્યા હતા.

જુલૂસનું સમાપન દારૂલ ઉલૂમ અન્વારે રઝા સંચાલિત રોયલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે થયું હતું. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ આમંત્રિત મહાનુભાવોનું ઉત્સાહભેર ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે પયગંબર સાહેબના આદર્શો અને જીવનમૂલ્યો પર ચાલવાનો સંકલ્પ લઈ દેશમાં અમન-શાંતિ, પરસ્પર ભાઈચારો અને કોમી એકતા કાયમ રહે તે માટે સામૂહિક વિશેષ દુઆ માંગવામાં આવી હતી. આ ઉત્સવને પગલે સમગ્ર શહેરનું વાતાવરણ પવિત્ર અને ઉત્સાહમય બની ગયું હતું.

## પ્રોહીબીશન ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો-ફરતો આરોપી ઝડપાયો



નવસારી : નવસારી એલ.સી.બી. પોલીસે પ્રોહીબીશન ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસને બાતમી મળી હતી કે, વર્ષ ૨૦૨૫ માં નવસારી ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયેલા પ્રોહીબીશન ગુનામાં સંડોવાયેલો નાસતો-ફરતો આરોપી વાપીના પીપરીયા ગામે લવાછા બાપુનગરમાં સુધીરભાઈની ચાલમાં રહેતો અમિત સુધીર ઠાકુર હાલમાં સેલવાસ ખાતે હાજર છે. જે બાતમીના આધારે પોલીસે સેલવાસ જઈ આરોપી અમિતને ઝડપી પાડી આગળની વધુ કાર્યવાહી અર્થે નવસારી ગ્રામ્ય પોલીસ મથકે સોપવામાં આવ્યો છે.

## બીલીમોરામાં ઈદે મિલાદ નિમિત્તે ભવ્ય જુલૂસ, કોમી એકતાનો સંદેશ



બીલીમોરા : ઈસ્લામ ધર્મના પયગંબર હઝરત મુહમ્મદ સાહેબના જન્મદિવસની યાદમાં મનાવવામાં આવતા પવિત્ર ઈદે મિલાદના પ્રસંગે બીલીમોરા શહેરમાં ધાર્મિક ભાવના અને ઉત્સાહભેર ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું. દેસરા સુન્નત જમાતના આગેવાનો લતીફભાઈ આમલીવાળા, શાકીર ઘાસવાળા, શોએબ શેખ અને ફૈઝલ ઈરાની સહિતના આગેવાનોની આગેવાની હેઠળ દર વર્ષની પરંપરા મુજબ આ જુલૂસ યોજાયો હતો. દેસરા દરગાહથી પ્રસ્થાન કરેલા જુલૂસે બીલીમોરા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ ફરી દેસરા ખાતે પહોંચીને પૂર્ણાહુતિ કરી હતી.

આ જુલૂસ દરમિયાન બીલીમોરાના વિવિધ સંગઠનો દ્વારા ઉપસ્થિત લોકો માટે ઠંડા પીણા તેમજ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિવિધ સમાજના લોકો દ્વારા સહકાર અને સેવા આપી ધાર્મિક પ્રસંગને સૌહાર્દપૂર્ણ બનાવવામાં આવ્યો હતો. આ જુલૂસ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈપણ પ્રકારની અપ્રિય ઘટના કે વિવાદ ન સર્જાય તે માટે બીલીમોરા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે દેસરા સુન્નત જમાતના આગેવાનો દ્વારા કોમી એકતા, ધાર્મિક આસ્થા સાથે માનવસેવા, શાંતિ અને હંમેશા ભાઈચારો જળવાઈ રહે તેવો શુભ સંદેશ આપવામાં આવ્યો હતો. જુલૂસની પૂર્ણાહુતિ બાદ લોકો, સમાજ અને સમગ્ર દેશની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને ભાઈચારો જળવાઈ રહે તે માટે ખાસ દુઆ કરવામાં આવી હતી. સૌના જીવનમાં શાંતિ, સલામતી અને ખુશહાલી રહે તેમજ દેશ સતત પ્રગતિ કરે તેવી પ્રાર્થના સાથે ઈદે મિલાદની ઉજવણી કરવામાં આવી હતી.

# વાંસદામાં બે અલગ-અલગ જગ્યાએથી આંકડાનો જુગાર રમાડતા બે ઝડપાયા

નવસારી : વાંસદા પોલીસે બાતમીના આધારે બે અલગ-અલગ જગ્યાએથી આંકડાનો જુગાર રમાડતા બે આરોપીને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વાંસદા પોલીસને બાતમી મળી હતી કે, વાંસદા જૂની કંસારા લાઈન પાસે જાહેર જગ્યામાં એક ઈસમ આવતા-જતા માણસો પાસે વરલી મટકાના નીકળતા અંકો ઉપર પૈસા વતી હારજીતનો વરલી મટકાનો જુગાર રમી-રમાડી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ જુગાર રમાડતા વાંસદા તાલુકાના વાંસીયા ગામે તળાવ પટેલ ફળીયામાં રહેતા દિપકભાઈ દેવલુભાઈ થોરાટને ઝડપી પાડયો હતો. સાથે જ પોલીસે રોકડા ૬૦૦ રૂપિયા સહિતનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

બીજા બનાવમાં વાંસદા પોલીસને બાતમી મળી હતી કે, વાંસદા નવા ફળિયા જવાના જાહેર રોડની બાજુમાં એક ઈસમ આવતા-જતા માણસો પાસે વરલી મટકાના નીકળતા અંકો ઉપર પૈસા લઈ વરલી મટકાનો જુગાર રમી-રમાડે છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ વાંસદા નવા ફળીયામાં રહેતા અલીબિન હમીદબિન આરબને ઝડપી પાડી કુલ્લે રોકડા ૭૫૦ રૂપિયા સહિતનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# બીલીમોરામાં ઘરફોડ ચોરી કરનાર સગીર મહારાષ્ટ્રથી ઝડપાયો



નવસારી : નવસારી એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે બીલીમોરા ઘરફોડ ચોરી કરનાર સગીરને મહારાષ્ટ્રથી ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, બીલીમોરા પોલીસ મથકે ગત ૧૦મીએ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયો છે. જે ગુનાના આરોપીને શોધવા માટે સુરત પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને નવસારી પોલીસ અધિક્ષક રાહુલ પટેલે નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. વી.જે. જાડેજાને જરૂરી સૂચનાઓ આપી હતી. જેથી એલ.સી.બી./પેરોલ ફર્લો/ટેકનીકલ સેલની પોલીસની ટીમ નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા માટે વર્ક આઉટમાં હતા. તે દરમિયાન પોલીસે બાતમીના આધારે બીલીમોરા પોલીસ મથકે નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનાના સગીર આરોપીને મહારાષ્ટ્રના થાણે જીલ્લાના ભીવંડી જકાત શાંતિનગર ઉમંતનગરમાંથી ઝડપી પાડયો હતો. સાથે જ પોલીસને સગીર પાસેથી ૨ જોડી સોનાની કાનની બુટ્ટી, ૨ જોડી ચાંદીના નાના સાકળા અને ૧ જોડી ચાંદીના સાકળા મળી કુલ્લે ૨૪,૨૧૪ રૂપિયાના ચોરીના સોના-ચાંદીના દાગીના મળી આવતા પોલીસ સગીરને તેના સબંધી સાથે લઈ આવી બીલીમોરા પોલીસ મથકે સોંપ્યો છે.

OWNER , PRINTER, PUBLISHER, & EDITOR :- ROHIT ASHOK SETHIA, PRINTED AT :- AAYUSH ENTERPISE, D-26, UDHYOG NAGAR,VIJALPORE, NAVSARI, GUJARAT- 396445., PUBLISHED PLACE :- 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT -396445. , EDITOR : ROHIT ASHOK SETHIA, Mo. :-+91-7600000600